



Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 07,(SURAT), DATE-06/08/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૦૭, (સુરત), તા.૦૬/૦૮/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 કે. એમ. ચોક્સી જ્વેલર્સ દ્વારા પ્રાથમિક શાળા આસરમાંમા વિદ્યાર્થીઓને યુનિફોર્મ તથા ટ્રેકસૂટનું વિતરણ

3 તાપી જિલ્લાને એસ્પિરેશનલ પ્રોગ્રામમાં ગોલ્ડ મેડલ:મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કલેક્ટર ડો. વિપિન ગર્ગને સન્માનિત કર્યા

4 રેકોર્ડ બ્રેક ૧૦૬૭ સંખ્યા સાથે માંડવી તાલુકા નો કલા મહાકુંભ શ્રી સરસ્વતી વિદ્યાલય ઉશ્કેર ખાતે યોજાયો


## માંગરોળ તાલુકા કોગ્રેસ સમિતિના પ્રમુખ શામજીભાઈ એસ. ચૌધરીએ ગુજરાત રાજયના રાજયપાલને આવેદનપત્ર પાઠવ્યું છે

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** આ આવેદનપત્રમાં ઇફ્કો એન.પી.કે. રસાયણિક ખાતરના ભાવ વધારા સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે આ ચોમાસુ વાવેતર માટે અનુકૂળ રહ્યું નથી. આવા સમયે રાસાયણિક ખાતર એન.પી.કે. ની ૫૦ કિલોની બેગદીઠ રૂ.૧૩૦નો વધારો કરીને રૂ.૧૮૫૦ કરી દેવામાં આવ્યો છે. આ ભાવ વધારાને





કારણે ખરીફ પાકના વાવેતર સમયે ખેડૂતોની આર્થિક સ્થિતિ કફોડી બની છે.

આવેદનપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કેન્દ્ર અને ગુજરાત સરકાર છેલ્લા પાંચ વર્ષથી ખેડૂતોની આવક બમણી કરવાનું અને 'સમૃદ્ધ ખેડૂત - સમૃદ્ધ ગુજરાત' ના સૂત્રો પોકારી રહી છે.પરંતુ વાસ્તવિક હકીકતમાં આ બધી વાતો પોકળ સાબિત થઈ છે. ખેડૂતોની આર્થિક સ્થિતિ દિવસે દિવસે કફોડી બનતી જાય છે.

આવેદનપત્રમાં જણાવાયું છે કે છેલ્લા છ મહિનામાં રસાયણિક ખાતરના ભાવમાં રૂ.૭૦૦નો વધારો થયો છે. તાજેતરમાં થયેલો રૂ.૧૩૦ પ્રતિ બેગનો વધારો ખેડૂતો માટે પડતા પર પાટુ સમાન છે. આ ભાવ વધારો તાત્કાલિક ધોરણે પાછો ખેંચવા માંગણી કરવામાં આવી છે.

માંગરોળ તાલુકા કોગ્રેસ સમિતિએ રાસાયણિક ખાતર ઉત્પાદક સંઘ, વિતરક અને કૃષિ સંકલન વિભાગોને તાકીદે આ બાબતે અંકુશ લાવવા વિનંતી કરી છે. સાથે સાથે રાસાયણિક ખાતરની કૃત્રિમ અછત દૂર કરી પૂરતો જથ્થો ખેડૂતોને ઉપલબ્ધ કરાવવાની માંગણી પણ કરવામાં આવી છે.

## લૂંટારાઓની ધરપકડ: ભડભૂંજામાં શિક્ષિકાના ઘરમાં રૂ. ૩.૨૬ લાખની ધાડમાં ૩ આરોપી દબોચાયા



**સોનગઢ-** ઉચ્છલ તાલુકાના ભડભૂંજા ગામે રહેતા એક શિક્ષિકાના ઘરે ગત ૨૩મી જુલાઈ, ૨૦૨૫ ની મોડી રાત્રે પાંચ લૂંટારુઓએ ત્રાટકી હતી. તેમણે ઘરના સભ્યોના હાથ-પગ બાંધી રૂ.૩.૨૬ લાખની લૂંટ ચલાવી અને ફરાર થઈ ગયા હતા. આ બનાવમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ ને તાપી એલસીબી પોલીસે બાતમીના આધારે ઝડપી લીધા હતા.

ઉચ્છલ તાલુકાના ભડભૂંજા ગામના ગાંધીનગર ફળિયામાં રહેતા શિક્ષિકા સોનલબેન ગામીતના ઘરે ૨૩ જુલાઈ, ૨૦૨૫ની રાત્રે સાડા બાર વાગ્યે પાંચ ધાડપાડુઓ ત્રાટક્યા હતાં. તેમણે ચપ્પુ અને બંદૂક જેવા હથિયારો વડે પરિવારજનોને ધમકી આપી,

તેમને બેહોશ કરી, હાથ-પગ બાંધી રોકડ રૂ.૨૦,૦૦૦, રૂ.૨.૬૦ લાખની કિંમતના ૫૦ ગ્રામ સોનાના દાગીના,ત્રણ મોબાઈલ ફોન અને હોન્ડા શાઈન બાઈક લૂંટી ફરાર થઈ ગયા હતા.આ અંગે ઉચ્છલ પોલીસ મથકે ધાડ અંગે ગુનો નોંધાયો હતો.આ બનાવની તપાસમાં તાપી એલસીબી, એસઓજી અને અન્ય શાખાઓ જોડાઈ હતી.

દરમિયાન,પોસઈ એન.એસ. વસાવા તથા પો.સ.ઈ. એસ. પી. સોઢાને ખાનગી રાહે સંયુક્ત બાતમી મળી હતી કે, ઉપરોક્ત ગુનામાં સંડોવાયેલા બે ઈસમો એક સફેદ કલરની મારુતિ ઈકો કારમાં બેસી સુરત થી સોનગઢ તરફ આવે છે.

આરોપીઓના કબજામાંથી રોકડ રૂ. ૩૭,૧૬૦, પાંચ મોબાઈલ (કિંમત રૂપિયા ૪૦,૦૦૦), અને ગુનામાં વપરાયેલી ઈન્ડિકા કાર તથા ઈકો કાર (કિંમત રૂ. ૬ લાખ) મળી, કુલ રૂ. ૬,૭૭,૧૬૦ નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો.

## માંડવી નગર તથા તાલુકા કોગ્રેસ સમિતિ દ્વારા યુરિયા ખાતર ની અછત દૂર કરવા તેમજ ભાવ વધારો પાછો ખેચવા મામલતદારશ્રી માંડવી ને આવેદનપત્ર અપાયુ


**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-**આ આવેદન પત્ર સુરત જિલ્લા કોગ્રેસ સમિતિના પ્રમુખ આનંદભાઈ ચૌધરી ની અધ્યક્ષતામાં આપવામાં આવેલ હતું, જેમાં જણાવેલ છે કે, વર્ષ-૨૦૨૫ ના ચોમાસુ સીઝન દરમ્યાન માંડવી તાલુકામાં સારો વરસાદ થવાથી ખેડુતોએ સારા પ્રમાણમાં ડાંગરની રોપણી કરેલ છે તથા શેરડીમાં યુરીયા ખાતર નાખવા માટે ખુબ જરૂર હોય છે. ત્યારે હાલની પરિસ્થિતિમાં માર્કેટમાં યુરીયા ખાતર મળતુ નથી.






જેથી યુરીયા ખાતર લેવા દુકાનો ઉપર ખેડૂતોની લાંબી કટાર લાગે છે. ટ્રાયબલ વિસ્તારમાં પુરતા પ્રમાણમાં યુરિયા ખાતર મળી રહે તેવી વ્યવસ્થા કરાવી આપી તેમજ અસહ્ય કારમી મોંઘવારીમાં ગુજરાતની ભા.જ.પ. સરકારે ગ.ડ.ઊં. ખાતરની એક ગુણી રૂા. ૧૭૨૦ માં આવતી હતી. જેના બદલે ખેડુતોએ રૂા. ૧૮૫૦ ચુકવવા પડશે. આમ મોંઘવારી ઘટાડવાની વાતો કરતી ભા.જ.પ. સરકાર ખેડુતોને લગતી તમામ ચીજ વસ્તુઓનો ભાવ વધારી દે છે. જેના કારણે ખેડુતો ઉપર આર્થિક બોજ વધી રહેલ છે. ખેડુતો પાયમાલ થઈ રહ્યા છે. ખેતી નિષ્ફળ જતા ખેડુતોના માથે આર્થિક બોજ વધી રહેલ છે. જેથી સરકારશ્રી તરફથી આ ભાવ વધારો પરત ખેંચવા હમારી લાગણી અને માંગણી છે. આ પ્રસંગે માંડવી તાલુકા કોગ્રેસ સમિતિના પ્રમુખ ઉદયસિંગ વસાવા તેમજ નગર કોગ્રેસ પ્રમુખ સંજયભાઈ ઉપાધ્યાય તથા મોટી સંખ્યામાં કોગ્રેસી કાર્યકર ઉપસ્થિત રહ્યા હતા.

## માંડવીના તડકેશ્વર ગામે ગૌવંશના વાછરડાને કતલના ઈરાદે લઈ જતા એક વ્યક્તિ ઝડપી પાડ્યો બે વોન્ટેડ જાહેર



**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે તડકેશ્વર તરફ જતા રસ્તા પર એક લાલ કલરની ગેનમોટ જનરલ લિમિટેડ કંપનીની સી-સ્પાર્ક મોડેલ કાર નં. GJ-૦૫-CJ-૪૮૮૧ માં વાછરડાને ભરેલા હોવાની માહિતી મળી હતી જેની અટકાયત કરતા કતલના ઈરાદે લઈ જવાતા ગોવંશના વાછરડાને બચાવી લેવાયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર અપોકો અભાભાઈ મોના તેમજ અ.લો.ર ધનરાજસિંહ વિજયસિંહ તથા ડ્રાપોકો મિતુલ અરવિંદ માંડવી પોલીસ ના માણસો પેટ્રોલિંગમાં હતા એ દરમિયાન બાતમી મળી હતી કે નાના નોગામમાંથી તડકેશ્વર તરફ જતા રોડ ઉપર એક લાલ કલરની ગેનમોટ જનરલ લિમિટેડ કંપનીની સી સ્પાર્ક મોડેલ કાર નં GJ-૦૫-CJ-૪૮૮૧ માં વાછરડા ભરીને આવે છે જે ચોક્કસ બાતમી ના આધારે પોલીસે તરત જ હરક્તમાં આવી તડકેશ્વર થી નાના નોગામા તરફ જતા રસ્તા ઉપર આવેલ ખાનકાહ મસ્જિદ પાસે વોચ ગોઠવી હતી જયાં બાતમી વાળી કાર આવતા તેને અટકાવવાનો પ્રયત્ન કરતા કાર ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા રોડની બાજુમાં આવેલ ખાઈમાં કાર ઉતારી દીધી હતી.

કાર પાસે જઈ કારની તપાસ કરતા આગળની સીટ પર બેઠેલે ડ્રાઇવર તથા બાજુની સીટ પર બેઠેલો વ્યક્તિ ત્યાંથી ફરાર થઈ ગયા હતા પાછળની સીટ પર વાછરડા સાથે બેઠેલ (અરવિંદ નગીન વસાવા રહે.તડકેશ્વર નવાપરા ફળિયુ) ને પોલીસે ઝડપી પાડ્યો હતો જેને સઘન પૂછપરછ કરતા જણાવેલ કે ફરાર થઈ ગયેલી વ્યક્તિઓમાં ડ્રાઈવર સીટ પર બેસેલ મોહમદ રાજા હતો તથા એના સાથીદાર નું નામ તેને ખબર નથી. તથા વધુમાં જણાવેલ કે નાના નોગામાં ગામે રહેતા કિશન રામુ પટેલ નાવો પાસેથી કતલ કરવાના ઇરાદે ગૈવવંશના વાછરડાની ખરીદી કરી લઈ જઈ રહ્યા હોવાની કબુલાત કરી હતી પોલીસે અરવિંદ વસાવા ની ધરપકડ કરી મહમદ રાજા તથા તેના અન્ય એક સાથીદારને વોન્ટેડ જાહેર કરેલ છે તથા સ્થળ પરથી મળી આવેલ કાર,મોબાઈલ તેમજ ગોવવંશના વાછરડાની અંદાજિત રકમ ૨.૬૦ લાખનો મુદ્દા માલ કબજે કરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## માંડવીના આસીસ્ટંટ પ્રોફેસર ખુશબુબેન પટેલ પી.એચ. ડી થયાં

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-**માંડવી સાયન્સ કોલેજ માં આસીસ્ટંટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ખુશબુબેન હસમુખભાઈ પટેલ એ જેમના ગાઈડ ડો. મેઘના આર. અધ્વર્યુના માર્ગદર્શન હેઠળ બાયોટેક્નોલોજીની ફીલ્ડ માં 'ધ રોલ ઓફ એન્ડોફાઇટ્સ ઈન ધ મેડિસિનલ પ્લાન્ટ્સ ફોર ધ પ્રોડક્શન ઓફ સેકન્ડરી મેટાબોલાઈટ્સ ' વિષય પર સંશોધન અહેવાલ તૈયાર કરીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે રજૂ કર્યો હતો.



જેને માન્ય રાખીને યુનિવર્સિટી દ્વારા ખુશ્બુ બેન હસમુખભાઈ પટેલ ને પીએચડી ની ડીગ્રી એનાયત કરવામાં આવી છે.તેમની આ સિદ્ધિ બદલ કોલેજ પરિવાર તથા ધી માંડવી એજ્યુકેશન સોસાયટી ના પ્રમુખ ડો. વાસુદેવ જોખકર, સેક્રેટરી નલીનભાઈ શાહ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## બારડોલી લોકસભા મતવિસ્તારમાં ઔદ્યોગિક શ્રમિકોને આરોગ્યલક્ષી સારવાર માટે ESIC (કર્મચારી રાજ્ય બીમા નિગમ) હોસ્પિટલ શરૂ કરવા સાંસદ પ્રભુભાઇ વસાવાએ લોકસભામાં રજૂઆત કરી

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** બારડોલી લોકસભા મતવિસ્તારમાં ઔદ્યોગિક શ્રમિકોને આરોગ્યલક્ષી સારવાર માટે ESIC (કર્મચારી રાજ્ય બીમા નિગમ) હોસ્પિટલ શરૂ કરવા સાંસદ પ્રભુભાઇ વસાવાએ લોકસભામાં રજૂઆત કરી છે. લોકસભાના માધ્યમથી કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રીને રજૂઆત કરતા સાંસદ પ્રભુભાઇએ જણાવ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલના સત્યાગ્રહની પવિત્ર ભૂમિ બારડોલી તેમજ આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં એક હજારથી વધુ કાપડ ઉદ્યોગ



એકમો કાર્યરત છે.

પ્રત્યેક યુનિટમાં સરેરાશ એક હજારથી વધુ કામદારો કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. કામદારોની તબીબી સારવાર માટે ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયે ESIC (કર્મચારી રાજ્ય વીમા

**સુરત ગ્રામીણ વિસ્તારમાં ESICહોસ્પિટલ ન હોવાના કારણે કામદારો યોગ્ય તબીબી સુવિધાઓ મેળવવવામાં મુશ્કેલી અનુભવે છે.**

નિગમ) હોસ્પિટલમાં નિઃ શુલ્ક અથવા રાહત દરે તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે. પરંતુ સુરત ગ્રામીણ વિસ્તારમાં ESICહોસ્પિટલ ન હોવાના કારણે કામદારો યોગ્ય તબીબી સુવિધાઓ મેળવવવામાં મુશ્કેલી અનુભવે છે. જેથી કામદારોને જરૂરી સારવાર માટે ESIC હોસ્પિટલ શરૂ કરવા સાંસદશ્રીએ ભારપૂર્વક રજૂઆત કરી હતી.




ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના હેમલતાબેન ચેરીટેબલ ટ્રસ્ટ

# કે. એમ. ચોક્સી જ્વેલર્સ દ્વારા પ્રાથમિક શાળા આસરમાંમા વિદ્યાર્થીઓને યુનિફોર્મ તથા ટ્રેકસૂટનું વિતરણ

## ૨૮ શાળામાં યુનિફોર્મ સહિત અન્ય સુવિધા માટે ૩૦ લાખની રકમનું દાન




**રિપોર્ટર, દક્ષેશ પટેલ -** સુરત જિલ્લાની માંગરોળ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળા આસરમાં મા તમામ વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશ તથા બે જોડી ટ્રેક સૂટનું વિતરણ કરવામાં આવેલ હતુ હેમલતા બેન ચેરીટેબલ ટ્રસ્ટ કે એમ ચોક્સી જ્વેલર્સ કોસંબા ના ચેરમેન શ્રી કેસરીમલ ચોક્સી સાહેબ દ્વારા તમામ બાળકોને યુનિફોર્મ ટ્રેકસૂટ આપવામાં આવતા બાળકોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

શાળા ખાતે યોજાયેલ સમારંભમાં કેસરીમલ ચોક્સી સાહેબનો શાળા બાળકો માટે ઋણ સ્વીકારવાના ભાગરૂપે આચાર્ય શ્રી મોહનસિંહ ખેર દ્વારા શાલ ઓઢાડી તેઓનું સન્માન કરવામાં આવેલ આ પ્રસંગે કંટવા હાઇસ્કૂલના આચાર્ય પ્રવિણસિંહ સોલંકી શિક્ષક અને સામાજિક અગ્રણી અર્જુનસિંહ મોરથાણા એસએમસીના અધ્યક્ષ સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેસરીમલ સાહેબે બાળકોના અભ્યાસમાં ધ્યાન આપી શાળા તેમજ ગામનું નામ રોશન કરવા સૂચન કરેલ હતું સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ ઇમરાન ખાન પઠાણ પણ ખાસ ઉપસ્થિત રહી કે એમ ચોક્સી પરિવારની આ ઉમદા પ્રવૃત્તિને બિરદાવી હતી. અત્રે ઉલ્લેખને છે કે, અત્યાર સુધી લગભગ ૨૮ શાળાના ૨૨૦૦ જેટલા બાળકોને કેસરીમલ ચોક્સી તરફથી યુનિફોર્મ વિતરણ કરવામાં આવેલ છે અને શાળાની નાની મોટી જરૂરિયાતો પૂરી કરવા અંદાજિત ત્રીસ લાખ જેટલી રકમનું દાન પણ આપેલ છે. સાથે દરેક શાળામાં અલ્પાહાર પણ ટ્રસ્ટ દ્વારા કરાવવામાં આવેલ આચાર્ય મોહનસિંહ ખેરે દરેકનો ઋણ સ્વીકાર કરેલ હતો.

# હાઇવે પર કતલના ઇરાદે લઈ જવાતી ૧૫ ભેસ ભરેલી ટ્રક પકડાય



બારડોલી- માંગરોળ તાલુકાના સાવા ગામની સીમા ઓનેસ્ટ હોટેલની સામે નેશનલ હાઇવે નંબર ૪૮ વડોદરા તરફથી મુંબઈ તરફ જતી ભેંસો ભરેલ ટ્રકને કોસંબા પોલીસે અટકાવી તપાસમાં ૧૫ જેટલી ભેસોને ક્રૂરતાથી ભરી વહન કરતા પોલીસે પકડીને કાયદેસર કાર્યવાહી કરી હતી. આ સાથે પોલીસે આઠ લાખથી વધુનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે.

કોસંબા પોલીસને બાતમી મળી હતી કે એક ટ્રક માં ગેરકાયદેસર રીતે જાનવરોનું વહન કરી તેને વડોદરાથી મુંબઈ તરફ લઈ જઈ રહ્યા છે. જે આધારે કોસંબા પોલીસ નેશનલ હાઇવે નંબર ૪૮ સાવા પાટિયા ઓનેસ્ટ હોટલની સામે વોચ ગોઠવી હતી ટ્રક આવતા અટકાવી પાછળના ભાગમાં તપાસ કરતા તેમાં ખીચો ખીચ ટૂંકા દોરડે બાંધેલી ૧૫ નંગ ભેંસો મળી આવી હતી જેને ઘાસચારો પીવાના પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી ન હોય આ અંગે ટ્રકમાં સવાર ડ્રાઇવર મુસ્તાક રહીમ મલેક રહે રોયલ પાર્ક ભરૂચતેમજ ક્લીનર રફિક ઈસ્માઈલ મલેક રહે આતિ ગામ તાલુકો પાદરા જિલ્લો વડોદરાની અટક કરી તેમને પૂછતાછ કરી ટ્રકમાં ભરેલા જાનવરોની પાસ પરમિટ વગેરેની માંગણી કરી હતી. તેમણે કોઈપણ રીતના સંતોષકારક જવાબ ના આપતા તેમની પૂછપરછ કરી હતી તેમજ ટ્રક માલિક શકીલ રસુલ અલબિને વોન્ટેડ જાહેર કરી ૩,૭૫,૦૦૦ ની ૧૫ નંગ ભેસ પાંચ લાખની ટ્રક ડ્રાઇવર અને ક્લીનર પાસેથી મળી આવેલા મોબાઈલ કિંમત ૧૦૦૦૦ એમ કુલ મળી આઠ લાખથી વધુનો મુદ્દા માલ પરથી લઈ તમામની ઉપર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પીપોદરામાં ગેસ રિફલિંગ કરનારની પોલીસે ધરપકડ કરી

બારડોલી- માંગરોળ તાલુકાના પીપોદરા જીઆઈડીસી વિસ્તારમાં કોસંબા પોલીસે બાતમીના આધારે ગેરકાયદે ગેસ રિફિલિંગનો ધંધો કરતા શ્રવણસિંહ રતનસિંહ ચુડાવતની ધરપકડ કરી હતી. પોલીસે તેની પાસેથી વિવિધ પ્રકારના નાના-મોટા ગેસ સિલિન્ડરો, રિફિલિંગ માટેનાં સાધનો અને વજન કાંટા સહિત કુલ ૧૩,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. તંત્રે આવી ગેરરીતિઓને રોકવા કડક પગલાં લેવા જોઈએ અને સ્થાનિક પોલીસ તેમજ ગેસ કંપનીઓ સાથે સંકલનમાં કામ કરવું જોઈએ. ઉપરાંત, નાગરિકોને પણ આવી પ્રવૃત્તિઓની જાણ કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

# મહિલા અને બાળકો સહિત ૬૦૦થી વધુ કાવડિયાની ૨૯ કિમીની પદયાત્રા



બારડોલી- શ્રાવણ માસના બીજા સોમવારના પાવન અવસર પર કાવડ યાત્રાનું સત્ સનાતન ગ્રુપ પલસાણા દ્વારા આઠમી કાવડ યાત્રા બારડોલી તાલુકાના વાઘેચા ગામેથી શરૂ કરી પલસાણાના ઋણમુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચી હતી. જેમાં ૧૦૦ થી વધુ મહિલાઓ, નાના બાળકો સહિત ૬૦૦ થી વધુ કવડિયાઓ ડીજેની ધૂન સાથે કાવડ યાત્રામાં જોડાયા હતા અને મંદિરમાં જળાભિષેક કરવામાં આવ્યો હતો.

વેપાર ધંધા માટે ગુજરાતમાં સ્થાઈ થયેલા લોકો પોતાના વતનમાં ઉજવાતા પ્રસંગો ગુજરાતમાં સૌ ભેગા મળીને ઉજવણી કરે છે. જેમાં સ્થાનિક લોકો પણ જોડાય છે તેવા પ્રસંગે ભારતભરમાંથી આવેલા લોકોએ શ્રાવણ માસ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ સત્ સનાતન ગ્રુપ પલસાણા દ્વારા સાતમી કાવડ યાત્રા યાત્રા કાઢી હતી.

જેમાં કવડીયાઓ બમ બમ ભોલેના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતુ અને કાવડ લઈ બારડોલી તાલુકાના વઢેચા થી કાવડમાં જળ ભરી પલસાણા તાલુકાના પલસાણા સ્તિથ આહીર સમાજની વાડી મુકામે રોકાણ કરી ભજન કીર્તન કર્યા હતા. આ કાવડ યાત્રામાં ૫૫૦ પુરુષ કાવડિયા, ૧૫૦ જેટલી મહિલાઓ અને ૬૦ થી વધુ સેવાધારી પદયાત્રીઓએ પલસાણા શ્રી રૂણમુક્તેશ્વર મહાદેવ મંદિરે પહોંચી કાવડીયાઓએ ભોળાનાથને રિઝવવા જળાભિષેક ભક્તિભાવ પૂર્વક કરી ધન્યતા અનુભવી અને મહાપ્રસાદ લઈ કાવડ યાત્રા પૂર્ણ કરવામાં આવી હતી.

# સ્વાવલંબન દિવસની ઉજવણી:૧૮૧ બારડોલીની કન્યા શાળામાં સ્વાવલંબન દિવસની ઉજવણી



બારડોલી- મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૧ ઓગસ્ટથી ૮ ઓગસ્ટ દરમ્યાન 'નારી વંદન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેના ત્રીજા દિવસે બારડોલી ખાતે કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓ સાથે મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી નિમિત્તે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વિશે માહિતગાર કરવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૮૧ મહિલા હેલ્પલાઇનના કાઉન્સેલર પટેલ ખૂશ્બૂ દ્વારા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ગુડટચ બેડટચ વિશે સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વિશે માહિતી આપવામાં આવેલ. તેમજ ઘરેલુ હિંસા, છેડતી અને અન્યપ્રશ્નોમાં તેઓ મદદ લઈ શકે તે અંગે કાયદાકીય માર્ગદર્શન આપેલ. ત્યારબાદ ૧૮૧ એપ્લિકેશન, સરકારની મહિલાલક્ષી વિવિધ યોજનાઓ અને અલગ અલગ હેલ્પલાઇન ૧૦૦, ૧૧૨, ૧૦૯૮ વિશે માર્ગદર્શન આપેલ.

# જામનગરના પ્રદર્શન મેદાનમાં યોજાનારા શ્રાવણી મેળાને લઈને એસટી બસના રૂટ કન્વર્ટ કરવા માટેની તંત્રની કવાયત



જામનગરના પ્રદર્શન મેદાનમાં આગામી ૧૦મી ઓગસ્ટથી સાતમ આઠમ સહિતના તહેવારોને અનુલક્ષીને શ્રાવણી લોકમેળો યોજાઇ રહ્યો છે, ત્યારે બાજુમાં જ આવેલા હંગામી એસટી બસ ડેપો પરથી બસોની અવરજવર માટે કોઈ તકલીફ ન પડે, તે માટે એસટી બસના રૂટો કન્વર્ટ કરવામાં આવ્યા છે, અને જામનગરથી રાજકોટ તથા ખંભાળિયા, તરફ જવા માટે અલગ અલગ રૂટો પરથી એસટી બસોને કન્વર્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેમાં મેળાના મુખ્ય પાંચ દિવસ માટે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, તેમ જાણવા મળી રહ્યું છે. અને જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા આગામી દિવસોમાં તે પ્રકારે નું જાહેરનામું પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. જામનગર જિલ્લાના વહીવટી તંત્ર, જામનગર મહાનગરપાલિકા, જિલ્લા પોલીસ વડા અને તેઓની ટીમ, શહેરની ટ્રાફિક શાખા વગેરેના સંકલનના આધારે તેમજ એસ.ટી. ડિવિઝન સાથે પરામર્શ કરીને એસટીના નવા રૂટ નક્કી કરવાની પ્રક્રિયાઓ હાલ ચાલી રહી છે.

આગામી ૧૦મી ઓગસ્ટથી પ્રદર્શન મેદાનમાં શ્રાવણી લોકમેળો યોજાતો હોવાથી નગરના ગૌરવ પથમાર્ગ એટલે કે લાલ બંગલાથી સાત રસ્તા સર્કલ સુધીના માર્ગે એક પણ એસટી બસનો રૂટ ચાલુ ન રહે, અને અન્ય સ્થળેથી કન્વર્ટ કરીનેએસટી બસનેલઈ જવામાંઆવે, તે માટેની કવાયત કરવામાં આવી છે. જેમાંમેળાના મુખ્ય પાંચ દિવસો એટલેકે ૧૦ ની તારીખથી લઈને ૧૫ ઓગસ્ટ સુધીના સમયગાળા દરમિયાન જામનગરથીરાજકોટજવામાટેહંગામી એસટી ડેપોથી નીકળેલી એસટી બસ મિગકોલોની તરફ જંગલેશ્વર મહાદેવના મંદિર, અને ત્યાંથી જુની આરટીઓ કચેરી, કુમાર મંદિર સ્કુલવાળો ઢાળીયો, અથવા તો ભીડભંજન મહાદેવ મંદિર સામેનો તમામ એસટી બસ રાજકોટ તરફ રવાના કરાશે.

# જમ્મુ કાશ્મીરના પૂર્વ રાજયપાલ સત્યપાલ મલિકનું નિધન, લાંબી બીમારી બાદ દિલ્હીની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા



જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજયપાલ મલિકનું આજે નિધન થયુ છે. દિલ્હીની રામ મનોહર લોહિયા હોસિપ્ટલમાં તેમણે ૭૯ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતાં. તેઓ લાંબા સમયથી બીમારીથી પીડિત હતા. લાંબા સમયથી તેઓ કિડનીની બીમારી સામે ઝઝૂમી રહ્યા હતાં. તબિયત વધુ બગડતાં ૧૧ મેના રોજ તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

સત્યપાલ મલિકે ઓગસ્ટ, ૨૦૧૮ થી ઓક્ટોબર,૨૦૧૯ સુધી જમ્મુ-કાશ્મીરના અંતિમ રાજયપાલ તરીકે સેવા આપી હતી. તેમના કાર્યકાળ દરમિયાન પાંચ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ અનુચ્છેદ ૩૭૦ રદ કરવામાં આવી હતી. તેમજ જમ્મુ-કાશ્મીરને બે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. તેનો વિશેષ રાજયનો દરજ્જો દૂર કરાયો હતો. આ નિર્ણયની આજે છઠ્ઠી વર્ષગાંઠ છે. અને આ દિવસે જ સત્યપાલ મલિકે અંતિમ શ્વાસ લીધા છે.

ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના હિસાવદા ગામમાં ૨૪ જુલાઈ, ૧૯૪૬ના રોજ સત્યપાલ મલિકનો જન્મ થયો હતો. તેમણે મેરઠ યુનિવર્સિટીમાંથી સાયન્સમાં ગ્રેજયુએશન અને બાદમાં એલએલબીની ડિગ્રી હાંસલ કરી હતી. ૧૯૬૮-૬૯માં મેરઠ યુનિવર્સિટીના સ્ટુડન્ટ વિંગના અધ્યક્ષ તરીકે નિમણૂક થઈ હતી. ત્યારથી તેઓની રાજકારણમાં કારકિર્દી શરૂ થઈ હતી.

ગતમહિને જ ૮-૯ જુલાઈના રોજ સોશિયલ મીડિયા પર સત્યપાલ મલિકના નિધનની અફવાઓ ફેલાઈ હતી. જેના પર પૂર્ણવિરામ મૂકતાં તેમના સત્તાવાર X એકાઉન્ટ પર પોસ્ટ વિશે માહિતી આપવામાં આવી હતી કે, આદરણીય પૂર્વ ગવર્નર ચૌધરી સત્યપાલ સિંહ મલિક હાલ આઈસીયુમાં દાખલ છે. વરિષ્ઠ ડોક્ટરોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે.

# સ્વાતંત્ર્ય દિવસ: જિલ્લા કક્ષાનો સ્વતંત્રતા પર્વ એના ગામે ઉજવાશે



બારડોલી- સમગ્ર રાજયમાં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે. સુરત જિલ્લા કક્ષાની સ્વાતંત્ર્ય દિવસની મુખ્ય ઉજવણી પલસાણા તાલુકાના એના ગામ ખાતે કરવામાં આવશે.

આ ઉજવણીના સુચારૂ આયોજન અને પૂર્વ તૈયારીઓ માટે જિલ્લા કલેક્ટરશ્રી ડો. સૌરભ પારઘીના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે બેઠક મળી હતી. કલેક્ટરશ્રીએ વિવિધ વિભાગોના અધિકારીઓને આ ઉજવણી માટેની કામગીરી સમયસર પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી. આ અવસરે પલસાણા તાલુકાની સરકારી કચેરીઓને રોશનીથી શણગારવામાં આવશે. દેશભક્તિનો લગતા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન થયું છે.પોલીસ બેન્ડની સુરાવલી સાથે પોલીસ પરેડ પણ થશે.

# ભૂતિયા વિદ્યાર્થીઓ બતાવનાર સરકારી સ્કૂલો સામે તપાસ થશે



સુરત- રાજયની સરકારી પ્રાથમિક સ્કૂલોમાં શિક્ષકોના મહેકમની મંજૂરી માટે નિયામક કચેરીએ કાર્યવાહી શરૂ કરી છે. દરેક વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા આધારે શિક્ષક મહેકમ નક્કી થાય છે. ચાલુ વર્ષે પણ ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં આપેલા આંકડા આધારે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

શિક્ષણ વિભાગે સૂચના આપી છે કે કેટલીક સ્કૂલો ખોટા આંકડા આપી વધારાના શિક્ષક મેળવવાનો પ્રયાસ કરે છે. જેની વિગત ડીઇઓએ જાતે તપાસવી પડશે. જો ખોટી વિગતો અપાઈ હોય તો આવા મામલાઓમાં જવાબદારી નક્કી કરીને કાર્યવાહીની તાકીદ કરવામાં આવશે.

સાથે જ એ પણ સ્પષ્ટ કરાયું છે કે જેમ સ્કૂલોમાં વિદ્યાર્થીઓની સંખ્યા શૂન્ય છે, એવી સ્કૂલો તાત્કાલિક અસરથી બંધ કરવાની રહેશે. જો આવું નહીં થાય તો સંબંધિત TPEO અથવા DPEO સામે જવાબદારી નક્કી કરવામાં આવશે. સ્કૂલો દ્વારા ધોરણ ૧ થી ૫, બાલવાટિકા તથા દિવ્યાંગ બાળકોની વિગત પણ ચાઈલ્ડ ટ્રેકિંગ પોર્ટલ પર અપલોડ કરવી ફરજિયાત છે. આ ઉપરાંત સ્કૂલ ઓફ એક્સલન્સ જેવી વિશિષ્ટ વિગતો પણ પત્રકમાં ઉમેરવા સૂચના અપાઈ છે.




# રાજયમાં સમય પહેલા જ પુષ્કળ વાવેતર થતા સપ્લાય પ્લાન મુજબ ખાતરનું જિલ્લાવાર વિતરણ ચાલી રહ્યું છે: કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

## ખાતર વિતરણ સંદર્ભે ખેડૂતોની ફરિયાદ રજૂઆત માટે રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કરાયા

કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે રાજયમાં ખાતર વિતરણ અંગે જણાવ્યું હતુ કે, આ વર્ષે સારા વરસાદના પરિણામે ખરીફ પાકોના ૬૧ ટકા જેટલુ વાવેતર સમય કરતા વહેલા પૂર્ણ થયું છે. ખેડૂતોને વ્યાજબી ભાવે યુરીયા, ડી.એ.પી તથા એન.પી.કે ખાતરનો પૂરતો જથ્થો મળી રહે તે માટે ભારત સરકાર દ્વારા તેના પર માતબર રકમની સબસીડી આપીને સમયાંતરે ખાતરનો જથ્થો ફાળવવામાં આવી રહ્યો છે. ખેતી માટે જરૂરિયાત મુજબ ખેડૂતોને સમયસર અને પૂરતું ખાતર મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા સપ્લાય પ્લાન મુજબ ખાતરનો જથ્થો વિવિધ જિલ્લામાં વિતરણ કરવામાં આવી રહ્યો છે. રાજયમાં જિલ્લાવાર અને તાલુકાવાર ફાળવવામાં આવતા ખાતરના જથ્થાની વિતરણ વ્યવસ્થાની રાજય કક્ષાએથી કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ સહિતના રાજય સરકારના ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે, જેથી ખેડૂતોને જરૂરિયાત મુજબનો ખાતરનો જથ્થો સરળતાથી ઉપલબ્ધ થઇ શકે.

કૃષિ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ખાતરની રાજયમાં ક્યાંય સંગ્રહખોરી ન થાય, કાળા બજારી ન થાય, વધુ ભાવે વેચાણ ન થાય તેમજ સપ્લાય પ્લાન મુજબ દરેક જિલ્લા-તાલુકાને પૂરતું ખાતર મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. ખાતર વિતરણ સંદર્ભે ખેડૂતોની ફરિયાદ રજૂઆત માહીતી માટે રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અધિક કલેક્ટર કક્ષાના વિશેષ અધિકારીની નિમણૂંક પણ કરવામાં આવી છે.

રાજય સરકારની માંગણી અનુસાર ભારત સરકાર દ્વારા તબક્કાવાર ખાતરનો જથ્થો પૂરો પાડવામાં આવી રહ્યો છે ત્યારે, કૃષિ મંત્રીશ્રી દ્વારા રાજયના ખેડૂતોને જરૂર પૂરતું જ ખાતર ખરીદવા અને વણજોઈતી સંગ્રહખોરી ન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મગફળી જેવા પાકમાં વધુ ઉત્પાદન મેળવવા માટે નાઇટ્રેજન યુક્ત ખાતર તરીકે યુરિયા ખાતરનો વધુ ઉપયોગ ના કરવા ભલામણ કરેલ છે. ડાંગર પાકમાં પણ નાઈટ્રેજન યુક્ત ખાતર તરીકે એમોનિયમ સલ્ફેટના ઉપયોગની ભલામણ કરવામાં આવી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........

# શિવ-પૂજાના મહાપર્વ 'શ્રાવણ'નો મહિમા



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

શ્રીમદ્ ભગવદ્ ગીતાના વિભૂતિયોગ (૧૦/૨૩)માં ભગવાન શ્રીકૃષ્ણે ''રૂદ્રાણાંશંકરી અસ્મિ'' એમ કહીને શંકર ભગવાનને પોતાના વિભૂતિ કહ્યા છે. ઋગ્વેદમાં ''રુદ્ર'' શબ્દનો ઉલ્લેખ અનેક સૂક્તો અને મંત્રોમાં થયો છે. ઇન્દ્રની જેમ રુદ્રદેવને પણ મરુત અને ઝંઝાવાતના ''પ્રેરકદેવ'' માનવામાં આવ્યા છે. યદુર્વેદમાં રુદ્રની પ્રચંડશક્તિનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. આ વર્ણન રુદ્રની વિનાશકારી શક્તિનું દ્યોતક છે. ઉપનિષદોમાં રુદ્રને સ્પષ્ટપણે બ્રહ્માથી અભિન્ન માનવામાં આવ્યા છે. આમ પ્રાચીનકાળથી આપણે ત્યાં રુદ્રને ''રાષ્ટ્રદેવ'' તરીકે સ્વીકારવામાં આવ્યા છે.

એક અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે શિવલિંગ પૂજા એ ભારત સિવાયના દૂરના દેશોમાં પણ પ્રાચીનકાળથી થતી આવી છે. રોમ દેશમાં રોમન લોકો ''પ્રિયેપસ'' નામથી શિવની ઉપાસના કરતા હતા. યુનાન દેશમાં ''ફ્લુસ'' નામે શિવપુજા થતી. મિસર દેશમાં ''ઇશી'' નામે આ પૂજા થતી. સિંધુ સંસ્કૃતિમાં શિવલિંગ પૂજા થતી એમ ત્યાંની સંસ્કૃતિના ગ્રંથો દ્વારા જાણવા મળે છે. ''હડપ્પા'' અને 'મોહેન-જો-દડો''ની ખોદાઇમાંથી પ્રાચીનકાળના શિવલિંગો નીકળ્યા છે. જે આજે પણ સંગ્રહસ્થાનોમાં સાચવવામાં આવ્યા છે. આમ આ બધા પ્રમાણો દ્વારા શિવપૂજાની પ્રાચીનતા જાણી શકાય છે. શિવલિંગની પૂજા એટલા માટે કરવામાં આવે છે કે શિવપૂરાણમાં જણાવ્યું છે કે જે જે સ્થળે ''ભગવાન શંકરની દિવ્ય જયોતિનું સ્થાપન થયું છે તે તે સ્થળે આવેલા શિવલિંગને જયોતિર્લિંગ'' તરીકે ઓળખવામાં આવે છે.

''લિંગપુરાણ''માં કથા આવે છે કે એક વખત ''પરમેશ્વર'' કોણ એવો વિવાદ બ્રહ્મા અને વિષ્ણુના સાનિધ્યમાં ઉભો થયો ત્યારે બન્ને પોતપોતાને ઇશ્વર માનવા લાગ્યા. તેમાંથી થોડો કલહ પણ થયો. એવામાં તેઓ બન્નેની વચ્ચે એક, અતિ પ્રકાશિત એવું ''જયોતિર્લિંગ'' પ્રગટ થયું. એ જોઇ બન્નેએ સમાધાન કર્યું કે આ લિંગના છેડાનો જે સ્પર્શ કરે તે પરમેશ્વર. બ્રહ્માએ હંસનું રૂપધારણ કર્યું અને વિષ્ણુએ વરાહનું રૂપ ધારણ કરી લિંગની નીચે પ્રવેશ કર્યો. બન્નેએ હજારો વર્ષ પર્યટન કર્યું પણ નિષ્ફળતા મળી ત્યારે છેવટેઁકારનો નાદ સંભળાયો અને શિવદર્શન થયા અને બન્નેને સમાધાન મળી ગયું કે શિવ એ જ મહાદેવ છે.

કેટલેક સ્થળે શિવજીની મૂર્તિનું પણ પૂજન થાય છે અને કેટલેક સ્થળે શિવલિંગનું પણ પૂજન થાય છે. ગરુડપુરાણ અને શિવપુરાણમાં શિવલિંગના વિવિધ ભેદ જણાવ્યા છે તેમ તે પાષાણનું કહેતા પથ્થરનું, સ્ફટીક લિંગ, ચંદનલિંગ, પુષ્પલિંગ, યવ-ગોધુમલિંગ, રત્તલેટ તરફ હોય છે. માટીનું લિંગ, પારંદ (પારાનું લિંગ) લિંગ, વાલુકા કહેતા રેતીનું લિંગ જેના પરથી વાલકેશ્વર વિસ્તારનું નામ પડયું છે. બરફનું લિંગ (અમરનાથમાં છે) સોનાનું લિંગ રજત અને અન્ય ધાતુનું લિંગ આમ વિવિધ લિંગોની પૂજા થાય છે. લિંગના મુખ્યત્વે બે પ્રકાર કહ્યા છે. ''ચલ'' અને ''અચલ'' જયોતિર્લિંગની સંખ્યા ૧૨ ગણવામાં આવે છે. આમ એક યા બીજા સ્વરૂપે શિવ-પાર્વતીનું પૂજન કરવામાં આવે છે.

પ્રાચીન સમયની એક કથા મુજબ કહેવાય છે કે એક દિવસ કૈલાસ પર્વત પર એક વિશાળ શિલા પર શિવજી તથા પાર્વતીજી વિનોદ ખાતર પાસાઓથી રમી રહ્યા હતા. ક્યારેક પાર્વતીજીના પાસા પોબાર પડતા તો ક્યારેક મહાદેવજીના. રમત ઘણી લાંબી ચાલી. હવે રમતનો અંત લાવવાનો હતો. પણ હાર-જીતનો નિર્ણય કેમ કરવો? કોણ ક્યારે જીતે એ કહી શકાય તેમ નહોતું. આમ છતાં પાર્વતીજી ઘણાં આગળ હતા. જીતવાના એંધાણ પૂરેપૂરા હતા. એવામાં મહાદેવજીએ રમત ઉલાળી અને કહી દીધું, ''દેવી, આ રમતમાં તમે હાર્યા. પાર્વતીજી એકદમ ચોંકી ઉઠયાં. અરે, આમ એકાએક નિર્ણય કેમ આવી ગયો? હજુ રમત અધૂરી છે. મહાદેવજી હારવાની અણી પર છે. અને મને કેવી રીતે કહી શકે કે તમે હાર્યા છો?'' એમ વિચારી તેમણે પણ સામે દલીલ કરી, ''નહીં તમે હાર્યા છો.'' બન્નેનો વિવાદ લાંબો ચાલ્યો. મહાદેવજી પણ ઢીલું મૂકતા નહોતા. તેઓ લીલા કરતા હોય કે ગમે તે હોય, તેમણે તો કહ્યા જ કર્યું તમે જ હાર્યા, તમે જ હાર્યા! પાર્વતીજી પણ મક્કમ રહ્યા. આ આખી રમત સામેના શિખર પર બેઠેલો ચિત્રનેમી નામનો એક ગંધર્વ જોતો હતો. મહાદેવજીએ તેના તરફ અંગૂલિનિર્દેશ કર્યો અને પાસે બોલાવ્યો. તેના ખભે હાથ મૂકીને મહાદેવજીએ કહ્યું, ''સાચું કહે તું ક્યારનો અમને જોતો હતો. આખી રમત તે જોઇ છે, હવે તું જ કહે કે આમાં મારી જીત થઇ કે પાર્વતીની? હાર-જીતની નિર્ણય હું આપી શકે તેમ છે.''


ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058






સંપર્ક-મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ-૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ-૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત


## માંડવી તાલુકાના બોધાન ગામની સીમમાંથી પસાર થતી તાપી નદીના કિનારેથી કરણ રાઠોડ ની લાશ મળી આવી



**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી તાલુકાના વરેલી ગામના બંગલી ફળિયાના રહીશ કરણભાઈ મુકેશભાઈ રાઠોડ ૨૯ ૭ ૨૦૨૫ ના રોજ બપોરના દોઢેક વાગ્યાના અરસામાં ઘરે કોઈને પણ કંઈ પણ જાણ કર્યા વિના નીકળી ગયા હતા જેઓ માનસિક રીતે અસ્થિર જેવા થઈ ગયેલ હતા અને તેમને ખેચની બીમારી હતી જેઓ સાંજ સુધી પરત ન આવતા સગા સંબંધીઓને ત્યાં તથા ગામમાં શોધખોળ કરી હતી પરંતુ તેનો કોઈ પત્તો મળ્યો ન હતો જેથી અમો તારીખ ૩૧ ૭ ૨૦૨૫ ના રોજ તાપી નદીના કિનારે શોધ ખોળ કરતા હતા તે વખતે બપોરે આશરે સવા બે વાગ્યા ના સુમારે બોધાન ગામની સીમમાંથી પસાર થતી તાપી નદીના કિનારા પાસે એક લાસ જોવા મળી હતી. જેની તપાસ કરતા આ લાશ કરણભાઈ મુકેશભાઈ રાઠોડની હોવાનું જણાય આવેલ હતું. જેથી અર્જુનભાઈ મુકેશભાઈ રાઠોડ દ્વારા આ અંગેની જાણ પોલીસ તંત્રને કરવામાં આવી હતી. લાશનો કબજો મેળવી પોલીસ તંત્ર દ્વારા આ લાશ પીએમ માટે સરકારી દવાખાને મોકલી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## તાપી જિલ્લાને એસ્પિરેશનલ પ્રોગ્રામમાં ગોલ્ડ મેડલ:મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કલેક્ટર ડો. વિપિન ગર્ગને સન્માનિત કર્યા

**તાપી (વ્યારા)-** તાપી જિલ્લાને એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ અને એસ્પિરેશનલ બ્લોક (નિઝર-કુંકરમુંડા) પ્રોગ્રામ અંતર્ગત સર્વોત્તમ કામગીરી બદલ ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ સંપુર્ણતા અભિયાન સન્માન સમારોહમાં આ સન્માન આપવામાં આવ્યું હતું. ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તાપી જિલ્લાના કલેક્ટર ડો. વિપિન ગર્ગને સન્માનપત્ર અને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ સન્માન એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ અને એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ અંતર્ગત કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરી માટે આપવામાં આવ્યું છે.





તાપી જિલ્લાની આ સિદ્ધિ માટે કલેક્ટર તેમજ સમગ્ર તાપી જિલ્લા તંત્રને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ સન્માન તાપી જિલ્લા માટે ગૌરવની ક્ષણ બની રહી છે. નિઝર-કુંકરમુંડા બ્લોકમાં થયેલી કામગીરીને પણ વિશેષ માન્યતા મળી છે. આ સન્માન જિલ્લાના વિકાસ અને પ્રગતિના પ્રયાસોને પ્રોત્સાહિત કરનારું બની રહ્યું છે.

## ઇફ્કો કંપની દ્વારા ખાતરના ભાવમાં વધારો કરાતાં ખેડૂતોની હાલત કફોડી ખેડૂતોએ માંગરોળ મામલતદાર ને આવેદન પાઠવ્યું

### ખાતરના ભાવમાં રાહત અને આદિવાસી વિસ્તારમાં ખાતર પૂરતું આપવા માંગ કરાઈ

**રિપોર્ટર, દક્ષેશ પટેલ,** જગતનો તાત પહેલેથી જ અનેક મુશ્કેલીઓ સહન કરતો આવ્યો છે ત્યારે હજુ ઓછી હોય તેમ ખેડૂતો ઉપર એક વધુ મોટી આફત આવી છે. ઇફકો દ્વારા ખાતરના ભાવમાં મોટો વધારો કરાતાં ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ઇફકો કંપની દ્વારા NPK ખાતરની એક થેલી ઉપર ૧૩૦ રૂપિયાનો વધારો કર્યો છે. પહેલા એક થેલી ૧૭૨૦ રૂપિયાની હતી જે વધી ને હવે વધીને ૧૮૫૦ રૂપિયા થઈ ગઈ છે. ખાતાના ભાવમાં ધરખમ વધારો થતાં જગતના તાતની હાલત દયનીય થઈ છે. ખેડૂતોને ખાતરની જરૂરિયાતના સમયે ખેડૂતોને ખાતર નથી તો બીજી તરફ એક જ ખાતરના ભાવના વધારો ઝીંકી દેવાતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આજ રોજ રોષે ભરાયેલા માંગરોળ અને ઉમરપાડા તાલુકાના ખેડૂતો માંગરોળ મામલતદાર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા અને મામલતદારને



આ મામલે આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. મહત્વનું છે કે સુરત જિલ્લાના ટ્રાઈબલ વિસ્તારના ખેડૂતો ખેતી ઉપર જ નભતા હોય છે. ત્યારે ખેડૂતો છેલ્લા ઘણા સમયથી ખાતરની અછત નો સામનો કરી રહ્યા હતા. હાલ રોપણીનો સમય છે ત્યારે ખેડૂતોને ખાતરની ખૂબ જરૂરિયાત હોય છે. ત્યારે આવા સમયે ખેડૂતોને સમયસર ખાતરનો જથ્થો નહીં મળતાં ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે બીજી તરફ ઇફકોએ ખાતરના ભાવમાં મોટો વધારો કરી દેતા ખેડૂતોની હાલત પડ્યાં પર પાટુ જેવી થઈ છે. આવા કપરા સમયે મોટી સંખ્યામાં ખેડૂતો માંગરોળ મામલતદાર કચેરી પહોંચ્યા હતા. અને ખેડૂતોએ મામલતદાર ને આ તમામ મુદ્દાઓ સાથે પોતાની આપવીતી જણાવી હતી.

## ધરમપુર તાલુકા પંચાયત આદિવાસી સમાજના અપક્ષ સભ્ય કલ્પેશભાઈ પટેલ જોડે આ મહાકાય અજગર રેસ્કયું કરવા ખુબજ જહેમત ઉઠાવી

ધરમપુર : મોટી ઢોલ ડુંગરી દુકાન ફળિયું ના રહેવાસી વિનોદભાઈ કેસુરભાઈ પટેલના ઘરે ગાયનો ચારો ભાતના પુરેટિયા અને પુરેટિયા ની ઘાસળી ઘરમાં રાખેલ હોવાથી તેમાં કોળ ઉંદરના ખોરાકની ફિરાકમા અજગર ઘણા સમયે થી એકજ જગ્યે સ્થાઈ થયેલ હોવાનું માલુમ પડતા ઘરના વ્યક્તિઓ ભાતના પુરેટિયા તેમજ સાફ સફાઈની કામગરી કરતા અજગર જોવા મળતા તેમણે વાઈલ્ડલાઈફ રેસ્કયું ટ્રસ્ટ નવસારી, ધરમપુર, કપરાડા વિભાગના વાઈલ્ડ લાઈફ રેસ્કયુંઅર્સ મુકેશભાઈ વાયાડને ટેલિફોનિક જાણ કરતા ઘટના સ્થળ પર પહોચી જઈ. જોતા અજગર માલુમ પડ્યો મુકેશભાઈ વાયાડે એ ધરમપુર વનવિભાગ ને જાણ કરી. બાદ ધરમપુર તાલુકા પંચાયત આદિવાસી સમાજના અપક્ષ સભ્ય કલ્પેશભાઈ પટેલ જોડે આ મહાકાય અજગર રેસ્કયું



૬૦૦ ગ્રામ અને લંબાઈ ૧૦ ફૂટ ને આજુબાજુ હોઈ એવુ લાગી રહ્યું છે. અજગર પોતાનો શિકાર કરવા ખુબજ જહેમત ઉઠાવી અજગર ફ્રિમેલ જાતિ માલુમ પડી અને એનો વજન અંદાજે ૨૦કિલો કોળ ઉંદર, મરઘાં, સસલા, મોર,બિલાડા ના શિકાર કરી જીવે છે. ગાય ના માટે ચાર કાપતિ વખતે ખેડૂતઓ તેમજ ખેતી કામ કરતી વ્યક્તિઓ ને અજગર જેવા વન્યજીવો નજરે જોવા મળશે અજગર, નાગ, કામળિયો જેવા વન્યજીવ ઘરમો આવે તીયારે તાત્કાલીક વનવિભાગ ધરમપુર જાણ કરવી તેમજ ગદ્ય ના વાઈલ્ડલાઈફ રેસ્કયુંઅર્સ મુકેશભાઈ વાયાડ નો મોબાઇલ નોમ્બર : ૭૯૯૦૯૭૭૩૩૬/ ૮૪૬૯૩૬૧૫૩૩ પર સંપર્ક કરવું.

# નારી વંદન ઉત્સવ-૨૦૨૫ અંતર્ગત તાપી જિલ્લામાં મહિલા સુરક્ષા દિવસની ઉજવણી

### ઘરેલુ હિંસા-કાયદા અંગે જાગૃતિ ફેલાય તે માટે સેમિનાર યોજાયો

**તાપી** -તાપી જિલ્લાના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા 'નારી વંદન ઉત્સવ-૨૦૨૫' નિમિત્તે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી શનિવારના રોજ માં શિવદુતી સાયન્સ સ્કૂલ, વ્યારા ખાતે કરાઇ હતી.





આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી સુલોચના એસ. પટેલે મહિલાઓના સુરક્ષા હક્ક, સશક્તિકરણ તથા વર્તમાન યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતુ. તેમણે વ્હાલી દિકરી યોજના, ગંગા સ્વરૂપા સહાય યોજના, સખી વન સ્ટોપ સેન્ટર વગેરેના લાભો સમજાવ્યા હતા. મહિલા પોલીસ સ્ટેશનના પીઆઇ બારોટ દ્વારા SHE-Teamઅને સ્વરક્ષણ તાલીમની ભૂમિકા રજૂ કરાઈ હતી. ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ વિષયક કાયદાકીય માહિતી જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના નિલેશભાઈ પટેલ તથા જીગ્નેશાબેન ચૌધરી દ્વારા આપવામાં આવી.

૧૮૧ મહિલા અભયમ ટીમની દામિનીબેન દ્વારા પણ અભયમ હેલ્પલાઇન વિશે વિસ્તૃત માહિતિ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં DHEW ટીમ, સખી સેન્ટર, પોલીસ સ્ટેશન આધારિત સપોર્ટ સેન્ટર, વિદ્યાર્થીનીઓ અને સામાજિક કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# માંગરોળ-વાંકલની એન.બી.દેસાઇ હાઇસ્કૂલ ખાતે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ- દિવસની ઉજવણી કરવામાં આવી

## વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણ, મેન્સટ્રુઅલ હાઇજીન અને પોક્સો એક્ટ વિષે માહિતગાર કરાયા:

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા માંગરોળ તાલુકાના વાંકલની એન. બી. દેસાઈ સાર્વજનિક હાઈસ્કુલ ખાતે 'નારી વંદન ઉત્સવ-૨૦૨૫' અંતર્ગત બેટી બચાઓ બેટી પઢાઓ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાની ૧૮૦થી વધુ વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણ, મેન્સટ્રુઅલ હાઇજીન અને પોક્સો એક્ટ વિષે માહિતગાર કરાયા હતા.

આ પ્રસંગે દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી ડી. પી. વસાવાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં દીકરીઓને શિક્ષણ પ્રત્યે જાગૃત થવા માટે હાકલ કરી હતી. બદલાતા સમય સાથે કદમ મેળવી અનેક ક્ષેત્રોમાં અગ્રેસર મહિલાઓમાંથી પ્રેરણા લઈને દરેકને ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. બેટી બચાઓ,બેટી પઢાઓ દિનની ઉજવણી નિમિત્તે મેડિકલ ઓફિસર ડો.હરેશભાઈ રાદડિયાએ PC& PNDT ACT તેમજ માસિક દિવસોમાં રાખવાની સ્વચ્છતા અને સુરક્ષા અંગે જાણકારી આપી હતી. નાની વયે થતાં માતૃત્વથી માતા અને બાળકોને થતાં જોખમની ચર્ચા કરી હતી.

સાથે જ આ પ્રસંગે બાળ સુરક્ષા એકમની વિવિધ યોજનાઓ, OSC સેન્ટર, PBSC સેન્ટર, નારીગૃહ, ૧૮૧ મહિલા હેલ્પલાઇન તેમજ પોક્સો એક્ટ વિષે દીકરીઓને અવગત કરાઇ હતી. અને



ઉપસ્થિત મહેમાનો હસ્તક વ્હાલી દીકરીના લાભાર્થીઓને મંજૂરી હુકમ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાર્વજનિક હાઈસ્કુલના પ્રમુખશ્રી સંજયભાઈ દેસાઇ, પ્રિન્સિપાલશ્રી પારસભાઈ મોદી, બાળ સુરક્ષા એકમના દિવ્યેશભાઈ ગામિત, કૌશિકભાઈ વ્યાસ, જ્ઞાતભ કેન્દ્ર સંચાલક કોકિલાબેન ચૌધરી તેમજ શાળાના શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# રેકોર્ડ બ્રેક ૧૦૬૭ સંખ્યા સાથે માંડવી તાલુકા નો કલા મહાકુંભ શ્રી સરસ્વતી વિદ્યાલય ઉશ્કેર ખાતે યોજાયો

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-**શ્રી ટી એલ એસ એ સંચાલિત ટ્રસ્ટના પ્રમુખ સંદીપભાઈ શર્મા ના નેજા હેઠળ માંડવી તાલુકા નો કલા મહાકુંભ ખુલ્લો મુકવામાં આવ્યો.



રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર પ્રેરિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી સુરત તથા શ્રી સરસ્વતી વિદ્યાલય ઉશ્કેર રામકુંડ ના સહયોગથી માંડવી તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો જેમાં કુલ ૧૪ સ્પર્ધામાં ૧૦૬૭ કલાકારોએ ભાગ લીધો હતો. સમારંભમાં પ્રમુખ સંદીપભાઈ શર્માના અને મહાનુભવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો સુમુલ ડેરીના ડિરેક્ટર રેસાભાઇ ચૌધરી ખેડૂત આગેવાન રણછોડભાઈ રામાણી માંડવી સુગરના ડિરેક્ટર રમેશભાઈ સાવલિયા એપીએમસીના ડિરેક્ટર અનિલભાઈ વસાવા ટ્રસ્ટી સુભાષભાઈ પટેલ સુરત થી પધારેલ પીવાયડીઓ વિષ્ણુભાઈ ચૌધરી ફાલ્ગુની બેન ઇન્દુલકર નિર્ણાયકોના પ્રતિનિધિ અને ગુજરાતના ગૌરવંતા ડો. હેમાંગભાઈ વ્યાસ માંડવી તાલુકાના આચાર્ય મંડળના પ્રમુખ જોન સાહેબ માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ પ્રવિણસિંહ અટોદરીયા ગુજરાત રાજય બિન શૈક્ષણિક મંડળના પ્રમુખ રાજવીર શ્રી ગોહિલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગરબામાં ૧૮૦ કલાકારો રાસમાં ૧૨૦ કલાકારો લોક નૃત્યમાં ૧૪૦ કલાકારો સમૂહ ગીતમાં ૧૮૨ કલાકારો સુગમ સંગીતમાં ૩૨ કલાકારો લોકગીત ભજનમાં ૭૮ કલાકારો લગ્ન ગીતમાં ૧૩૬ કલાકારો ભરતનાટ્યમ માં બે કલાકારો એકપાત્ર અભિનયમાં ૧૮ કલાકારો ચિત્રકામમાં ૪૫ કલાકારો નિબંધમાં ૩૨ કલાકારો માં ૩૪ કલાકારો તબલામાં ૧૬ કલાકારો હાર્મોનિયમના ૯ કલાકારો આમ કુલ ૧૦૬૭ કલાકારો સ્પર્ધામાં ભાગ લેતા કલાઓમાં ખરેખર કલા મહાકુંભ ઉભરાયોહતો. એવું માંડવી તાલુકા ખાતે જોવા મળ્યું નિર્ણાયકો બધા હાજર રહ્યા હતા.

# સુરત : ઝંખવાવ-વાંકલ માર્ગ પર સરકારી બસને અકસ્માત નડ્યો

**રિપોર્ટર, દક્ષેશ પટેલ -** માંગરોળના સેલારપુર ગામની સીમમાં સરકારી જઝ બસને અકસ્માત નડ્યો. બસચાલકે ઓવરટેક કરતી વખતે સામેથી આવતા ડમ્પરને અડફેટે લીધું.



બસમાં સવાર ૪-૫ મુસાફરોને નાનીમોટી ઈજાઓ પહોંચી. બસના ડ્રાઈવર અને ડમ્પરનાં ડ્રાઈવરને ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડાયા. ઇજાગ્રસ્તોને ઝંખવાવ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા. ઝંખવાવ પોલીસ ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરવા આવી હતી.

# સરેયા ગામથી કારમાં દારૂ સાથે આરોપી ઝડપાયો, ૧૨.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત

વ્યારા- તાપી જિલ્લા પોલીસ વડા રાહુલ પટેલના સૂચન મુજબ પ્રોહી હેરાફેરી તથા નાસતા ફરતા ગુનાહીત તત્વો સામે તીવ્ર અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અનુસંધાને તાપી લોકલ ક્રાઇમ બ્રાંચ તથા પેરોલ-ફર્લો સ્કોર્ડ ગઇકાલે મોટી સફળતા મેળવી હતી.



વ્યારા ના સરેયા નજીક કિયા સેલટોસ કારમાંથી ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે આરોપી ઝડપાયો મુલ્યવાન મુદ્દામાલ રૂ. ૧૨.૧૬ લાખ કરતા જપ્ત કર્યા હતા. તા. ૧ ઓગસ્ટના રોજ એલસીબી ઇન્ચાર્જ પીઆઇ એન.જી. પંચાણીના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. એસ.પી. સોઢા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી.ત્યારે બાતમી મળી કે વ્યારા તાલુકાના સરૈયા ગામ તરફથી સફેદ કલરની કિયા સેલટોસ કાર માં ઇંગ્લીશ દારૂનો જથ્થો લઈ વ્યારા તરફ આવી રહી છે. પોલીસે તરત જ વ્યારા-પાનવાડી માર્ગે ગાડીનું પીછો શરૂ કર્યો. કાર ચાલકે બચવા માટે વ્યારા નગર નજીક મહુલી હોટલ પાસેથી કપુરા રોડ અને પછી નહેરના રસ્તે ભાટપુર ત્રણ રસ્તા તરફ વળવાનો પ્રયાસ કર્યો, પરંતુ પોલીસની ટીમે કારને અટકાવી તપાસ હાથ ધરી હતી.જે તપાસમાં કારની પાછળની સીટ અને ડીક્કીમાંથી પુઠાનાં બોક્સ અને છુટ્ટા દારૂની બોટલો મળી આવી. કુલ ૨૦૫૯ નંગ ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બોટલોની કિંમત રૂ.૭.૦૯.૯૦૦ જણાઈ હતી.

ઉપરાંત આરોપી પાસેની કિયા સેલટોસ કાર રૂ.૫.૦૦.૦૦૦, મોબાઇલ ફોન ૫૦૦૦ અને રોકડ રકમ રૂ. ૧૯૨૦/- મળી કુલ રૂ. ૧૨.૧૯.૮૨૦ નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો.

આરોપીની ઓળખ જગદીશ કેશારામ બિશ્નોઇ (ઉ.વ. ૨૯), મૂળ રહેવાસી ગંગાપુરા, બાડમેર (રાજસ્થાન) તરીકે થઇ છે. હાલ આરોપી સુરતના પીપોદરા વિસ્તારમાં શિવ શક્તિ ઇન્ડસ્ટ્રીઝમાં ભાડાના રૂમમાં રહેતો હતો. આરોપી વિરુદ્ધ પ્રોહી કલમ ૬૫(ઈ),૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(૨) હેઠળ ગુનો નોંધાઈ આગળની કાર્યવાહી માટે વ્યારા પોલીસને હવાલે કરવામાં આવ્યો છે. વધુમાં, અન્ય એક આરોપીની શોધ ચાલુ છે.

## વિસાવદરમાં સસ્તા અનાજની ત્રણ દુકાનોનાં લાઈસન્સ રદ

# તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને ત્રણ દુકાનોના લાઈસન્સ રદ





જુનાગઢના વિસાવદર તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજ ઓછું મળવા અને બારોબાર વેચી દેવા અંગે ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ આક્ષેપો કર્યા હતા. આ આક્ષેપોને પગલે જુનાગઢ પુરવઠા વિભાગે તાત્કાલિક કાર્યવાડી ડાથ ધરીને ત્રણ દુકાનોના લાઈસન્સ રદ કરી દીધા છે.

જુનાગઢના ઈન્ચાર્જ પુરવઠા અધિકારી કિશન ગરસરના જણાવ્યા મુજબ, મોટી પીડાખાય, માંગનાથ પીપળી અને કાકચીયાળા ગામની દુકાનો સામે ફરિયાદ મળી હતી.

આ ફરિયાદને આધારે પુરવઠા વિભાગની છ ટીમોએ તપાસ હાથ ધરી હતી. ચીફ સપ્લાય ઇન્સ્પેક્ટરે આ ત્રણેય દુકાનોનું નિરીક્ષણ કર્યુંહતું, જેમાં ઓનલાઈન જથ્થા કરતાં વાસ્તવિક જથ્થો ઓછો જણાયો હતો. આ ગેરરીતિને કારણે ત્રણેય દુકાનોના લાઈસન્સ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યા છે. હવે આ દુકાનો અન્ય દુકાનદારોને સોપવામાં આવશે.

# પાળીયાદ પૂજય શ્રી વિસામણબાપુની જગ્યામાં ગોડલ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા ઠાકર શ્રી વિહળાનાથ ના દર્શને





તારીખ ૦૨/૦૮/૨૦૨૫ ને શનિવાર ના રોજ પાળીયાદ પૂજય શ્રી વિસામણબાપુની જગ્યામાં ગોડલ પૂર્વ ધારાસભ્ય શ્રી જયરાજસિંહ જાડેજા ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર ઠાકર શ્રી વિહળાનાથ ના દર્શન કરવા પધારેલ ત્યારબાદ પૂજય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ના દર્શન કરી પૂજય શ્રી ભયલુબાપુ ની શુભેચ્છા મુલાકાત લીધી હતી.



પૂજય શ્રી ભયલુબાપુ દ્વારા જયરાજસિંહ જાડેજા નું શાલ ઓઢાડી ઠાકર ની પ્રતિમા ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ જગ્યાની અત્યાધુનિક ગૌશાળા શ્રી બણકલ ગૌશાળા ની મુલાકાત લઈ જગ્યા માં પ્રસાદ લઈ ખૂબ ધન્યતા અનુભવી.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ધામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).